જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૩/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૫૧૦/૨૦૨૦**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન :

### મિલકત સબંધી ગુના આચરતા ગુનેગારોને પકડી કેમીકલ ચોરીનો ભેદ ઉકેલતી જી.આઇ.ડી.સી. વટવા પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી અમદાવાદ શહેરમાં હાલમાં વધતા ચોરીના ગુના અટકાવવા તેમજ ભેદ ઉકેલવા સારુ મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી બીપીન આહીરે સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ‘જે’ ડીવીઝન આર.બી.રાણા સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે અધિકારી/કર્મચારી કાર્યરત છે જે અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ડી.આર.ગોહિલ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઇ. શ્રી સી.એમ.રાઠોડ તથા મ.સ.ઇ. મહેન્દ્રસિંહ લક્ષ્મણસિંહ તથા હે.કો.બળવંતસિંહ મંગળસિંહ બ.નં.૯૩૧૬ તથા અ.હે.કો. મગનભાઇ નરશીભાઇ બ.ન.૩૫૬૯ તથા પો.કો બળદેવસિંહ ઘનશ્યામસિંહ બ.નં-૧૧૮૧૩ તથા પો.કો જયંતિભાઈ નાગરભાઈ બ.નં-૬૧૬૯ તથા પો.કો. વિજયસિંહ ભુપતસિંહ બ.નં-૪૮૫ તથા પો.કો.વિક્રમસિંહ રણજીતસિંહ બ.નં.૩૩૯૫ તથા પો.કો ફીરોજશા મરદાનશા બ.નં.૯૦૦૧ તથા પો.કો.ભરતસિંહ ભુપતસિંહ બ.નં-૧૦૧૪૩ તથા પો.કો. મહાવીરસિંહ હરીસંગ બ.નં-૬૯૬૫ તથા લોકરક્ષક દીવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ બ.નં-૧૯૦ તથા લોકરક્ષક રવીકુમાર શાહુભાઇ બ.ન.૪૨૬૫ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના મ.સ.ઇ. મહેન્દ્રસિંહ લક્ષ્મનસિંહ તથા લોકરક્ષક દિવ્યરાજસિંહ રવિન્દ્રસિંહ બ.ન.૧૯૦ તથા લોકરક્ષક રવીકુમાર શાહુભાઇ બ.ન.૪૨૬૫ નાઓને સંયુક્ત રાહે મળેલ બાતમી હકીકત આધારે

જી.આઇ.ડી.સી. વટવા પો.સ્ટે. ગુ.ર.નં-પાર્ટ-એ./૧૧૧૯૧૦૧૯૨૦૦૦૯૦/૨૦૨૦ ઇ.પી.કો.કલમ ૪૫૭,૩૮૦,૧૧૪ મુજબ* ના ગુનામાં ચોરીએ ગયેલ *રીએક્ટીવ બ્લુ ૧૯૮ કેમીકલ કલર બેગ નંગ-૨૧ કિંમત રૂ. ૨,૬૨,૫૦૦/- ની તથા ગુન્હામાં વપરાયેલ ૪૦૭ ઇ.એક્સ. ટરબો ગાડી નં- જી.જે.૧૭.વાય.૯૦૧૫ ની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- માં ચોરેલ મુદ્દામાલ વેચવા નિકળેલ આરોપીઓ ને બાતમી હકીકત આધારે મચ્છુનગર ગરનાળા પાસેથી મુદ્દામાલની ૨૧ કેમીકલની બેગ તથા ૪૦૭ વાહન તેમજ ત્રણ મોબાઇલ ફોન કિ.રૂ.૨૦૦૦/- નો મળી *કુલે કિંમત રૂ.૪,૬૪,૫૦૦/- ની મત્તાનો મુદ્દામાલ* સાથે પકડી પાડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

**પકડવામાં આવેલ આરોપીઓ**

(૧) જાલમભાઇ સ/ઓ ભલાભાઇ કલાભાઈ ડામોર ઉવ.૩૭ રહે,પાશ્વનાથ એમીકલ અંપની પ્લોટ નં.એ/૧૧ જગન્નાથ એસ્ટેટ ગુજરાત પોટલીગ સામે રખિયાલ અમદાવાદ શહેર મુળ વતન ગામ આકલીયા તા.કડાણા જિ.મહિસાગર (૪૦૭ ઇ.એક્સ. ટરબો ગાડી નં- જી.જે.૧૭.વાય.૯૦૧૫ નો ચાલક)

(૨) મગનભાઇ સ/ઓ ભેમાભાઇ કુબેરભાઇ ડાભી ઉવ.૩૫ રહે,ગામ ભુવાબાર તા.બાકોર જિ.મહિસાગર

(૩) રામાભાઇ ઉર્ફે છોટુ સ/ઓ રણછોડભાઇ રતુભાઇ ડાભી ઉવ.૩૬ રહે,ગામ ભુવાબાર તા.બાકોર જિ.મહિસાગર

(૪) રણજીતભાઇ સ/ઓ કાળુભાઇ સનાભાઇ ડાભી ઉવ.૩૦ રહે,ગામ ભુવાબાર તા.બાકોર જિ.મહિસાગર તથા

(૫) જેસીંગભાઇ ઉર્ફે નટુ સ/ઓ નાનાભાઇ ભેમાભાઇ માલીવાડ ઉવ.૨૬ રહે,ગામ મેણા (ભુવાબાર) તા.બાકોર જિ.મહિસાગર



**ઇસનપુર પોલીસ સ્ટેશન**

## દુકાનમા ચોરી કરતા આરોપીને પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.એમ સોલકી તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી કે.બી સાંખલા ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓની સુચના અને માર્ગદર્શન મુજબ **સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ કે.એમ.ચાવડાનાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૧૨/03/૨૦૨૦ ના કલાક ૨૩/૧૫ વાગે** મિલ્લતનગર રફીક હોટલ પાસે આવતા સાથેના અ.હે.કો મો.અશરફ ઇસ્માઇલભાઇ તથા અ.લો.ર ભરતભાઇ લક્ષ્મણભાઇ તથા અ.લો.ર અનિરૂધ્ધસિહ જાલુભા નાઓને મળેલ સયુક્ત બાતમીથી **આરોપી** (૧) શાકીર સ/ઓ ઇમત્યાઝભાઇ જવાદભાઇ અન્સારી ઉ.વ ૨૫ રહે ફરીદ શેઠની ચાલી મહેદીભાઇ ચેનલવાળાની ગલીમા મિલ્લતનગર ઇસનપુર અમદાવાદ શહેરનાને પકડી પાડી રોકડા રૂપિયા જુદા જુદા દરની નોટો તથા જુદા જુદા દરના ચલણી સિક્કા મળી કુલ્લે રૂ ૩૪૭૮/- તથા જુદી જુદી કંપનીની જુદીજુદી ફ્લેવરની સીગારેટ પેકેટ નંગ-૨૫ કિ.રૂ ૨,000/-તથા કાજુ-બદામ મળી કુલ્લે કિ.રૂ ૭0૭૮/-રીકવર કરી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નંબર પાર્ટ-એ ૧૧૧૯૧૦૨૨૨૦૦૨૯૬ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦ મુજબનો ગુનો શોધી કાઢેલ છે તા.૧૩/03/૨૦૨૦



# દુષ્કર્મ ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :

## રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૫ વર્ષથી બાળા ઉપર દુષ્કર્મ કરી નાશી જનાર આરોપીને ગુનો દાખલ થયાના ગણતરીના કલાકોમાં ઝબ્બે કરતી રામોલ પોલીસ

રામોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષીય સગીર બાળા કે જે ધોરણ 10 માં અભ્યાસ કરે છે તેને આજથી ચારેક માસ અગાઉ આરોપી મયુરસિંહ ઉર્ફે જીગર ડો/ઓ બહાદુરસિંહ વાઘેલા રહે. ગામ ગતરાડ નાએ ભોગ બનનારના ભાઇ તથા માતા પિતાને મારી નાખવાની ધાક ધમકીઓ આપી પોતાની કારમાં બેસાડી દઇ ગેસ્ટ હાઉસમાં લઇ જઇ જયાં ભોગ બનનારની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરેલ અને બાદ થોડા દિવસો પછી ફરીથી ભોગ બનનારને મળેલ. જેથી ભોગ બનનારે સાથે જવાની ના પાડતા તેના ફોટાઓ વાયરલ કરવાની તેમજ ભોગ બનનારના ભાઇને મારી નાખવાની ધમકી આપી જબરજસ્તી કરી પોતાની કારમાં સાથે બેસાડી અન્ય ગેસ્ટ હાઉસમાં લઇ જઇ જયાં ભોગ બનનારની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ કરેલ. જેથી ભોગ બનનાર ગર્ભવતી થઇ ગયેલ. આ બનાવને બેએક માસ જેટલા સમય બાદ ભોગ બનનારને તેના ઘરે બ્લડીંગ ચાલુ થઇ જતા ભોગ બનનારને તેણીના માતા પિતા દવાખાને લઇ ગયેલ. જયાં સોનોગ્રાફી કરતા માલુમ પડેલ કે, ભોગ બનનારને બે માસ જેટલો ગર્ભ છે. જે દરમ્યાન ભોગ બનનારની તબીયત વધુ લથડતા એબોર્શન કરાવેલ. ભોગ બનનાર સાથે આ કામના આરોપી મયુરસિંહ ઉર્ફે જીગર ડો/ઓ બહાદુરસિંહ વાઘેલા રહે. ગામ ગતરાડ નાએ દુષ્કર્મ કરેલ હોય જે બાબતે ભોગ બનનારના પિતાએ ફરીયાદ આપતા રામોલ પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરી તપાસ હાથ ધરવામાં આવેલ.

આ ગુના સબંધે સંયુકત પોલીસ કમીશ્નરશ્રી સેકટર 2 સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન 05 સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી આઇ ડીવીઝન સાહેબ નાઓ તરફથી ટેકનીકલ સર્વેલન્સ રાખવા અને ખાનગી અને ભરોસાના બાતમીદારો એકટીવ કરી સચોટ હકીકત મેળવવા અને આરોપીને ઝબ્બે કરવા સારૂ આપવામાં આવેલ સુચના અને માર્ગદર્શન અન્વયે પો.ઇન્સ.શ્રી કે.એસ.દવે નાઓ તરફથી ટેકનીકલ સર્વેલન્સ તેજ કરવામાં આવેલ તેમજ ભરોસાના અને ખાનગી બાતમીદારોને એકટીવ કરી સચોટ હકીકતો મેળવવાની દિશામાં અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જેના ફળ સ્વરૂપે ગણતરીના કલાકોમાં આ કામના આરોપીને ઝડપી પાડવામાં આવેલ છે.



# <u>ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે સરખેજ પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પ</u>

## <u>સરખેજ પોલીસ સ્ટેશન :</u>

મે. પોલીસ કમિશનર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે. સંયુક્ત પોલીસ કમિશનર શ્રી સેક્ટર-1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-7 સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી એમ ડિવિઝન સાહેબ નાઓ ના માર્ગદર્શન અને સુચના મુજબ તા.૧૨/૩/૨૦૨૦ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન અને ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા ગ્રસ્ત બાળકો માટે બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન કરવામાં આવેલું જેમાં ૪૬૨ યુનિટ (બોટલ) બ્લડ એકત્ર કરવામાં આવેલ છે.









# “SHE TEAM” ની કામગીરીની વિગત

| | |
|---|---|
| કારંજ પોલીસ સ્ટેશન SHE TEAM દ્વારા તા.૧૨/૩/૨૦૨૦ સવારના ૧૦/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન સરદાર બાગ, સરદારબાગ પાસે આવેલ નિર્જન વિસ્તારમાં પેટ્રોલીગ, એ.એમ ટી એસ સ્ટેન્ડ, વસંત ચોક (ગણપતિ મંદિર) પેટ્રોલીગ કરી તથા રોમીયો વોચ કરેલ તેમજ સાંજના ૪/૦૦ થી રાતના ૮/૦૦ સુધી સાંઈબાબા મંદિર, ઘી કાંટા ચાર રસ્તા, એસ.વી કોલેજ, પી ડબલ્યુ ડી ના અવાવરુ મકાન સુધી પેટ્રોલીગ કરી તથા રોમીયો વોચ કરેલ તથા વિસ્તાર માં આવેલ સિનિયર સિટીઝન નાઓની માહિતી અપડેટ કરેલ. |  |
|  |  |

# પાસા અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખાઃ

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ તા.૧૨.૦૩.૨૦૨૦ નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી પ્રોહીબીશન સબંધી ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના નારોલ તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી મો.સા.ઉપર આવી ફરીયાદીએ જાહેર રોડ ઉપર લોકોએ પાર્ક કરેલ એકટીવાને ડુપ્લીકેટ ચાવીથી ખોલી અગર તોડી ચોરી કરી લઈ જનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે રાશીદ રફીકભાઈ શફીભાઈ શેખ રહેવાસી-શાહનગર વાઘરીવાસ જીતુ ભગત કંપાઉંડની પાછળ શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| <br> | રાશીદ રફીકભાઈ શફીભાઈ શેખ રહેવાસી-શાહનગર વાઘરીવાસ જીતુ ભગત કંપાઉંડની પાછળ શાહઆલમ દાણીલીમડા અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના ડીસીબી તથા વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિત પાસેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો દેશીબનાવટની પિસ્ટલ તથા તમંચો લાવી વગર લાયસંસે ગુનાહિત ઈરાદે પોતાના કબ્જામા રાખી ગેરકાયદેસરના હથિયારની વગર લાયસંસે હેરાફેરી કરનાર તથા પોતાના પત્નીને આત્મહત્યા કરવા સારુ દુષ્પ્રેરણ આપી માનસિક સતામણી કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે મોહમંદ સાજીદ અસલમભાઈ શેખ રહેવાસી- મ.ન.૨૬ અલફેસલ પાર્ક ઝલક ફ્લેટ પાસે જુહાપુરા અમદાવાદ શહેર તથા અલ્ફા ડુપ્લેક્ષ એકતા મેદાનની બાજુમા જુહાપુરા વેજલપુર  અમદાવાદ શહેર તથા બી/૧૦ મોઈન પાર્ક જુહાપુરા વેજલપુર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | મોહમંદ સાજીદ અસલમભાઈ શેખ રહેવાસી- મ.ન.૨૬ અલફેસલ પાર્ક ઝલક ફ્લેટ પાસે જુહાપુરા અમદાવાદ શહેર તથા અલ્ફા ડુપ્લેક્ષ એકતા મેદાનની બાજુમા જુહાપુરા વેજલપુર  અમદાવાદ શહેર તથા બી/૧૦ મોઈન પાર્ક જુહાપુરા વેજલપુર અમદાવાદ |

➢ અમદાવાદ શહેરના સોલા હાઈકોર્ટ તથા અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમા લોકોએ પાર્ક કરેલ ઓટો રિક્ષાની ચોરી કરી લઈ જઈ ચોરી કરેલ ઓટોરિક્ષા પોતાના કબ્જામા રાખી આર્થીક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે આર્થીક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જાહેર જનતાને આર્થીક નુકશાન કરનાર અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે સુરેશજી પ્રહલાદજી તલાજી ઠાકોર રહેવાસી- મલાવ તલાવ છાપરા મોટો ઠાકોરવાસ થલતેજ અમદાવાદ મુળ વતન ગામ-જીલીયા છેલ્લો ઠાકોરવાસ તા- ચાણસ્મા જિ.પાટણ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | સુરેશજી પ્રહલાદજી તલાજી ઠાકોર રહેવાસી- મલાવ તલાવ છાપરા મોટો ઠાકોરવાસ થલતેજ અમદાવાદ મુળ વતન ગામ-જીલીયા છેલ્લો ઠાકોરવાસ તા- ચાણસ્મા જિ.પાટણ |

• અમદાવાદ શહેરના અમદાવાદ શહેરના સોલા હાઈકોર્ટ  પોલીસ સ્ટેશન વિસ્તારમા ભારતીય બનાવટનો વિદેશી દારુ જાહેર જનતાના સ્વાસ્થયને હાનિકારક હોવા છતા રાજસ્થાન ખાતેથી તેમજ પોતાના સાગરિત મારફતે કલોલ ખાતેથી ગેરકાયદેસરનો વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો વિદેશી દારુનો જથ્થો પોતાના રહેણાક આસપાસના વિસ્તારમા વેચાણ કરવાના ઈરાદે લાવી/મંગાવી પોતાના સાગરિતો સાથે મળી પોતાના રહેણાંક આસપાસના વિસ્તારમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના ભારતીય બનાવટના વિદેશી દારુની હેરાફેરી કરી વેચાણ કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે અર્જુન ગોપાલભાઈ વણઝારા રહેવાસી- મ.ન.૧૩૩ કુલવાડી થલતેજ ગામ અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી રાજકોટ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | અર્જુન ગોપાલભાઈ વણઝારા રહેવાસી- મ.ન.૧૩૩ કુલવાડી થલતેજ ગામ અમદાવાદ શહેર |

➢ આ ઉપરાંત મિલકત સબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમ મળી <u>કુલ્લે ૫ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી</u> તેઓને વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.